

ફેશન-શૉ - NIFT ગાંધીનગર ખાતે એક ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'મેમોયર' શિર્ષક હેઠળ યોજાયેલ આ ફેશન-શોમાં ડિઝાઈનરના વ્યક્તિગત સ્મૃતિઓ, સંસ્મરણો અને અનુભવોને પ્રતિબિંબિત કરતા અનેક સંગ્રહોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં 'સાર' અંતર્ગત કચ્છી હાથવણાટની સાડીઓનો સંગ્રહ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં કચ્છના વણાયેલા વારસાની ઉજવણી કરે છે. અને હસ્તકલાના સારને જીવંત રાખી તેને સમકાલીન અભિગમ આપે છે. આ ફેશન-શૉ અંતર્ગત નોન-સ્ટીચ્ડ સિંગલ ક્લોથ ડ્રેપની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત સમાન વિચાર અને અભિગમના મિશ્રણની સાથે સાથે વિશ્વની વિચારધારાઓ સાથે ફ્યુઝનમાં આપાના પોતાના ઈન્ડીગો રંગોની ઉજવણીની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. જે ક્યારેય જોવા નહિ મળી હોય. જ્યારે બીજા કલેક્શનમાં સ્થાનિક એનજીઓ 'અસ્તિત્વ વેલ્ફેર ફાઉન્ડેશનના બાળકોએ સંસ્થાના ડિરેક્ટર પ્રો. સમીર સૂદ સાથે રેમ્પ વૉક કર્યું હતું જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું...

# પાણી ગટર વેરો નહીં ભરનારાઓને હવે ટુંકમાં જ નોટિસો થમાવી દેવાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં પાણી વેરો અને ગટરવેરો નહીં ભરનારાઓ સામે હવે તંત્ર દ્વારા નોટીસો પાઠવવામાં આવશે. આ માટેની સૂચનાઓ તંત્રને આપી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પાણી અને ગટર વેરાની આવક રૂા.એક કરોડથી પણ ઓછી થવા પામી છે. મળતી વિગતો પ્રમાણે શહેરના સેકટરોમાં ૨૬ હજારથી વધુ બિલો કુરિયર દ્વારા મોકલવામાં આવ્યા હતા અને ૩૧મી માર્ચ સુધીમાં આ બિલો ભરનારાઓને ખાસ વળતર પણ આપવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે પાણી વેરો નહીં ભરનારાઓમાં ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોની સંખ્યા મોટી હોવાનું જાણવા મળેલ છે.

ત્રણ કરોડના અંદાજિત માંગણા સામે એક કરોડથી પણ ઓછી વસુલાત થતાં તંત્રએ હવે આકરા પગલાં ભરવા માટે મન બનાવી લીધું છે.

ગાંધીનગર શહેરમાં સરકાર દ્વારા હાલ જે દરે પાણી પુરૂ પાડવામાં આવે છે તે અન્ય શહેરોની તુલનામાં ઘણા ઓછા દર છે. પાણીના દરમાં વધારો કરવા તંત્રની દરખાસ્તો સરકારમાં અભેરાઈએ ચડી જવા પામી છે. જો કે ગાંધીનગર શહેરમાં પાણીનો વેડફાટ સૌથી વધુ થતો હોવાની વાત સરકારના ધ્યાને આવી છે અને હવે આ દરમાં વધારો કરશે તેમ મનાઈ રહયું છે.

મળતી વિગતો પ્રમાણે એપ્રિલના અંત પહેલા જ બાકી કરદારો પાસેથી વસુલાત કરવા માટે નોટીસો થમાવી દેવામાં આવશે. મોટા ભાગે મે મહિનાના આરંભે કર નહીં ભરનારાઓ સામે નળ જોડાણ કાપવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવે તો નવાઈ પામવા જેવું રહેશે નહીં સરકારે સરકારી વસુલાતમાં કડક વલણ અપનાવતાં નાણાં વિભાગ દ્વારા સૂચનાઓ પાઠવી દીધી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં કોરોનાના નવા દસ અને ગ્રામ્યમાં પાંચ કેસ નોંધાયા

**ગાંધીનગર, દહેગામમાં બે-બે તેમજ માણસામાંથી એક કેસ મળી આવ્યો : ગાંધીનગર શહેરમાં સે-૨૭, ૩૦, ૪, ૨૧, ૨૨, ૮, ૨ તેમજ સરગાસણમાંથી એક-એક કેસ અને રાંદેસણમાંથી બે કેસ મળી આવ્યા : સાત દર્દી ડીસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ દસ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેર જિલ્લામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે દર્દીઓ રીકવર થતાં તેમને ડીસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર જિલ્લામાં રીકવરી રેટ સારો હોવા ઉપરાંત હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી કોરોનાના કેસો બે અંકમાં આવતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં ગઈકાલે ૧૧ અને આજે દસ કેસ નોંધાયા છે. આમ બે જ દિવસમાં ૨૧ કેસ શહેરમાં નોંધાયા છે. શહેર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૩૦૦ને પાર થઈ છે અને એટલે તંત્રએ હવે ટ્રેકીંગ, ટ્રીટમેન્ટ અને ટ્રેસીંગની રણનીતિનો અસરકારક અમલ કરવા માટે મન બનાવી લીધું છે.

શહેર જિલ્લામાં કોરોનાના કેસોમાં મહિલા અને ટીનેજર્સના કેસો તેમજ વડીલોના કેસો વધી રહયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં બે કેસ, ગાંધીનગરમાં બે કેસ અને માણસામાં એક કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામે ૨૭ વર્ષીય ગૃહિણી તેમજ ચામળા ગામેથી ૫૫ વર્ષીય પુરુષનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ગાંધીનગરમાં ડભોડા ગામે ૮૩ વર્ષીય વૃધ્ધાનો અને મગોડી ગામે ૩૧ વર્ષીય પુરુષનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

માણસા શહેરમાંથી આજે ૨૩ વર્ષીય ગૃહિણીનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નવા કેસો માણસા શહેરમાંથી વધુ મળી રહયા છે અને માણસા શહેર હવે સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહયું છે.

જિલ્લામાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દી રીકવર થતાં તેમને ડીસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩૯૦ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ દસ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં વીસથી ઓછી આયુ ધરાવતાં દર્દી તેમજ બે દર્દી ૮૦થી વધુ વય ધરાવતાં નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે ત્રણ કેસ અને સેકટરોમાં આજે વધુ સાત કેસ નોંધાયા છે.

કેસો છુટાછવાયા વિસ્તારોમાંથી મળી રહયા હોવાથી પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર કરી રહયું છે પણ અગાઉની લ્હેરોમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી રહયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાંથી એક રાદેસણ ગામમાંથી કોરોનાના વધુ બે કેસ મળી આવેલ છે.

સરગાસણ ગામેથી ૨૮ વર્ષીય યુવકનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાંદેસણ ગામમાં ૨૭ વર્ષીય યુવક તેમજ ૩૭ વર્ષીય ગૃહિણીનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

શહેરના સે-૨૭માંથી ૧૫ વર્ષીય વિદ્યાર્થીનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સે-૩૦માંથી ૫૬ વર્ષીય મહિલા, સે-૪માંથી ૪૪ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

# આજે પંચાયતની ૧૩ બેઠકો પર ગ્રામ સ્વાગતના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા પંચાયતની ૧૩ બેઠકોના મોટા ગામોમાં આજે ગ્રામ સ્વાગતનો કાર્યક્રમ યોજવામાં આવશે.

સ્વાગત કાર્યક્રમના દ્વિ-શતાબ્દી પર્વની ઉજવણીને લઈ ચાલી રહેલા ખાસ અભિયાન અંતર્ગત આ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જિલાલમાં અત્યાર સુધીમાં ૧૫ જિલ્લા પંચાયત બેઠકોના વિસ્તારમાં ગ્રામ સ્વાગતના કાર્યક્રમો સંપન્ન થઈ ગયા છે અને ૧૨૦૦થી વધુ પ્રશ્નો રજૂ થયા છે.

હવે ૨૪મીએ તાલુકા સ્વાગત કાર્યક્રમો જિલ્લાના અધિકારીઓની ઉપસ્થિતિમાં તાલુકા મથકે યોજવામાં આવેસ જ્યારે ૨૬મીએ જિલ્લા સ્વાગતનો કાર્યક્રમ યોજાશે. ૨૬મીએ રાજ્યકક્ષાએ પણ રાજ્ય સ્વાગતનો કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યાજોશે અને તે દિવસે તેઓ જિલ્લાઓ સાથે આ કાર્યક્રમની સમીક્ષા પણ કરશે.

૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાગત કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન રજૂ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે ઝુંબેશ રૂપે કામગીરી કરવા માટે તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે.

# મુખ્યમંત્રી સોમવારે ૧૭મીએ નાગરિકોને-પ્રજાવર્ગોને મુલાકાત માટે મળશે નહીં

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સોમવારે તારીખ ૧૭ એપ્રિલ ૨૦૨૩ના દિવસે નાગરિકો, પ્રજાવર્ગો તેમ જ જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓને મળી શકશે નહીં.

મુખ્યમંત્રીશ્રી સોમવારે કેન્દ્રિય મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં સોમનાથ ખાતે યોજાનારા સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમના પ્રારંભ તેમ જ અન્યત્ર પૂર્વનિર્ધારિત રોકાણોને કારણે જનતા જનાર્દનને ગાંધીનગરમાં મુલાકાત માટે મળશે નહીં.

# બેન્ક ઓફ બરોડાએ ગિફ્ટ સિટીમાં સ્ટાર્ટઅપને ત્રણ કરન્સીમાં સુવિધા આપી

**સ્ટાર્ટઅપના ખાતામાં ૨૪/૭ એક્સેસ અને બેન્કિંગ વ્યવહારો અને ફંડ ટ્રાન્સફરને સુરક્ષિત રીતે સરળતાથી કરવા સુગમતા**

ગાંધીનગર, તા.૧૨

બેન્ક ઓફ બરોડાએ ગિફ્ટ સીટી ખાતે સ્ટાર્ટઅપ્સને વિદેશી ટ્રાન્જેક્શન આધારિત ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધા આપનારી પ્રથમ બેન્ક બની છે. ગિફ્ટ સિટીમાં IFSC બેંકિંગ યુનિટ એ પ્રથમ અને એકમાત્ર બેંક છે જે ત્રણ મુખ્ય વિદેશી ચલણ યુએસ ડૉલર, યુરો અને બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગમાં સ્ટાર્ટઅપ્સ સહિત તેના રિટેલ અને કોર્પોરેટ ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન-આધારિત ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધા પૂરી પાડે છે.

આ સુવિધા સ્ટાર્ટઅપ્સને તેમના ખાતામાં ૨૪/૭ એક્સેસ અને બેન્કિંગ વ્યવહારો અને ફંડ ટ્રાન્સફરને સુરક્ષિત રીતે સરળતાથી કરવા માટે સુવિધા અને સુગમતા પ્રદાન કરે છે. વધુમાં, બેન્કે "બોબ વર્લ્ડ સ્ટાર્ટઅપ" રજૂ કર્યું છે, જે ભારતીય સ્ટાર્ટ-અપ્સની જરૂરિયાતોને પૂરી કરવા માટે એક ખાસ કાર્યક્રમ છે.

બેન્કે દેશના મુખ્ય સ્ટાર્ટઅપ હબમાં એકસક્લુઝિવ રિલેશનશિપ મેનેજર દ્વારા વ્યક્તિગત સેવાઓ પ્રદાન કરવા માટે ગુરુગ્રામ, દિલ્હી, નોઈડા, બેંગલુરુ, ચેન્નાઈ, મુંબઈ, જયપુર, અમદાવાદ, પુણે, હૈદરાબાદ, ચંદીગઢ, લખનૌ, કોલકાતા, ઈન્દોર, કોચી અને રાજકોટ સહિત ૧૬ સમર્પિત સ્ટાર્ટઅપ શાખાઓ સ્થાપી છે.

પ્રોગ્રામના ભાગ રૂપે, સ્ટાર્ટઅપ્સ કસ્ટમાઈઝ્ડ સ્ટાર્ટઅપ કરંટ એકાઉન્ટ્સ, ફોરેક્સ સેવાઓ, અત્યાધુનિક પેમેન્ટ ગેટવે, પોઈન્ટ ઓફ સેલ સિસ્ટમ્સ, કેશ મેનેજમેન્ટ સિસ્ટમ્સ, કોર્પોરેટ સહિત ક્રેડિટ કાર્ડ અને બિઝનેસ લોન ઉત્પાદનો અને સેવાઓની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરી શકશે.

બેન્ક ઓફ બરોડા ભારતીય સ્ટાર્ટઅપ્સની અનન્ય જરૂરિયાતોને પૂરી કરવા માટે વ્યાપક શ્રેણીના ઉકેલો પ્રદાન કરે છે. આ સેવાઓ GIFT સિટીમાં તેની IFSC શાખા ભારતમાં તેના વ્યાપક નેટવર્ક, ૧૬ સમર્પિત સ્ટાર્ટઅપ શાખાઓ સહિત અને ૧૭ દેશોમાં મજબૂત આંતરરાષ્ટ્રીય હાજરી દ્વારા પૂરી પાડવામાં આવે છે.

બેન્કે ક્લાઉડ સેવાઓ, એકાઉન્ટિંગ અને કાનૂની સેવાઓ, એચઆર અને પેરોલ સેવાઓ, માર્કેટિંગ સેવાઓ અને માર્ગદર્શન જેવી સ્ટાર્ટ-અપ્સ દ્વારા જરૂરી નોન-બેન્કિંગ સેવાઓ પ્રદાન કરવા માટે માર્કી સેવા પ્રદાતાઓ સાથે પણ જોડાણ કર્યું છે.

# મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશને જિલ્લામાં સારો પ્રતિસાદ

**અંદાજે પાંચેક હજાર જેટલા નવા મતદારોના નામ નોંધણી સહિતના ફોર્મ મળ્યા**



ગાંધીનગર, તા.૧૬

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા અભિયાનની ખાસ ઝુંબેશના આજના દિવસે સારો પ્રતિસાદ જિલ્લામાંથી મળવા પામ્યો છે. અંદાજે પાંચેક હજાર જેટલા નવા મતદારોના નામ નોંધણી સહિતના ફોર્મ તંત્રને મળ્યા છે.

પંચ દ્વારા આજે ખાસ ઝુંબેશનો દિવસ નિયત કરવામાં આવ્યો હતો. ૧૩૫૦ દેટલા બુથો પર આ કામગીરી હાથ ધરવામાં આળી હતી. પંચે પણ આ કામગીરીને લઈ અધિકારીઓને જિલ્લાઓમાં મોકલી અને સમગ્ર કામગીરીનું મોનીટરીંગ તેમજ સમીક્ષા કરવા કહ્યું હતું.

જિલ્લામાં આજે મતદાર યાદી સુધારણા અભિયાનની ખાસ ઝુંબેશની સમીક્ષા માટે પંચમાં સંયુક્ત નિયામક (આંકડા) તરીકે ફરજો બજાવતા એમ. બી. પંજ્યા આવ્યા હતા તેમણે ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારોના કેટલાક બુથોની મુલાકાત લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલયમાં વચેટીયો દેખાય તો દૂર રહેવા મંત્રીઓને આદેશ અપાયા

**પ્રજાના પ્રતિનિધિઓ, પાર્ટીના આગેવાનો અને અરજદારોને સીધી રજૂઆત અને ફરિયાદ કરવાનો આગ્રહ**

ગાંધીનગર

કેટલાક તત્વોના કારણે મુખ્યમંત્રીની કચેરી બદનામ થઈ રહી છે ત્યારે સચિવાલયના વિભાગો અને સ્વર્ણિમ સંકુલમાં વચેટીયા તત્વોના પ્રવેશ પર નિયંત્રણો લાદી દેવામાં આવ્યા છે. અરજદાર સીધો જ અધિકારી કે મંત્રીને મળે તેવી વ્યવસ્થા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

એટલે કે લોકોના કામો લઈને આવતા વચેટીયા તત્વો કે એજન્ટોને સરકાર દૂર રાખવા માગે છે. સંસદસભ્યો, ધારાસભ્યો કે પાર્ટીના નેતાઓએ હવે મંત્રી કે અધિકારીને રજૂઆત કરવી હશે તો તેમને ખુદ પ્રયાસ કરવો પડશે. તેમના વતી અન્ય કોઈ વ્યક્તિ રજૂઆત કે દલીલ કરશે તો ચાલશે નહીં.

હમણાં જ મુખ્યમંત્રીની કચેરીમાંથી ત્રણ એવાં લોકોને દૂર કરવામાં આવ્યા છે કે જેમના કારણે સરકારના વહીવટમાં વિક્ષેપ ઉભો થઈ રહ્યો હતો. સચિવાલય સંકુલમાં ફરતા છાપેલા કાટલાં જેવાં એજન્ટો કે વચેટીયા તત્વોને દરવાજો દેખાડવાની સૂચના આપવામાં આવી છે.

સરકારની જાણ બહાર ભાજપના ધારાસભ્યો તેમજ પાર્ટીના નેતાઓ વચેટીયા તત્વો મારફતે કામ કરાવતા હોવાની ફરિયાદો સામે આવી છે, કેમ કે સરકાર પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યોના સીધા કામ કરતી નહીં હોવાની ફરિયાદ મળતી હોય છે. કેટલાક કોંગ્રેસીઓ વચેટીયા તત્વોની ભૂમિકામાં આવી ગયા છે. આ સજોગોમાં સરકારે વચેટીયાને દૂર કરવાનું કહ્યું છે, જે ભૂતકાળની સરકારોમાં જોવા મળતા હતા.


દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ



સ્વ. રતનસિંહ મગનસિંહ બિહોલા
તા. ૧૭-૦૪-૨૦૨૧ (ચૈત્ર સુદ પાંચમ)
વાડીવાળો વાસ, મુ. પેથાપુર, તા.જિ. ગાંધીનગર

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
તમારું સ્મરણ થાય ત્યારે મન મુકી રડાવે છે,
કલ્પી ન શકાય તેવી તમારી વસમી વિદાય કાળજુ કંપાવી ગઈ...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
ગં. લીલાબેન રતનસિંહ બિહોલા (પત્ની)
ઈન્દ્રસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
જનકસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)
મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT


# ગ્રામ્ય વિસ્તારોમાં બોર બનાવવાની મંજુરીમાં થતાં વિલંબને ટાળવા રજુઆત

**જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ઉગ્ર રજુઆત કરી**

ગાંધીનગર, તા.૧૬

ગ્રામ્ય વિસ્તારમાં પાણીના બોર બનાવવાની મંજુરીમાં થતાં વિલંબને ટાળવો જોઈએ તેવી ઉગ્ર રજુઆત જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં કરી છે.

તેમણે જણાવ્યું કે ૧૦ ટકા લોકફાળાની રકમ જમા કરાવ્યા પછી આવા બોરના કામોને મંજુરી આપવામાં ચારથી પાંચ માસનો સમય જતો હોય છે તેમાં ઘટાડો કરવો જોઈએ.

ચાલુ વર્ષે વરસાદની ઘટ અને જિલ્લામાં જે રીતે ગરમીનો પ્રારંભ થયો છે તેમજ ભૂગર્ભ જળના સ્તર નીચે ગયા છે ત્યારે વારંવાર આઠ ઈંચના બોર ખોટવાઈ જતાં હોય છે આના રીપેરીંગમાં પણ સારો એવો સમય જતો હોય છે. કયારેક મોટરો બળી જવાની અથવા તો પડી જવાની ઘટનાઓ બનતી હોય છે ત્યારે ગ્રામીણ વિસ્તારના લોકોને હાલાકી પડે છે. તેમણે જિલ્લામાં આઠ ઈંચના બદલે ૧૦થી ૧૨ ઈંચના બોર બનાવવાની પણ હિમાયત કરી છે.

જિલ્લા તંત્રએ પંચાયત પ્રમુખની રજુઆતને ધ્યાને લીધી છે પણ જળશાસ્ત્રી દ્વારા સર્વેક્ષણ અને પાણીના સેમ્પલની ચકાસણી કરવામાં સમય જતો હોય છે. બોર જે તે ગામની જરૂરીયાતને ધ્યાને લઈ બનાવવામાં આવતો હોવાનો ખુલાસો પણ તંત્રએ કર્યો છે તેમજ હવે વધુ વસ્તી ધરાવતાં ગામોમાં દસ ઈંચના બોર બનાવવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીના પ્રશ્નો સતત વધી રહયા છે તેથી જિલ્લા કલેકટરએ પણ નવા બોરની મંજુરીમાં સમય ઓછો લાગે તે જોવા જણાવ્યું છે. પ્રજા સુખાકારીના કામોને અગ્રતાથી હાથ ધરવામાં આવે તેમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com